# માથે ચણિયો, પગમાં ઘૂઘરા, હૈયે માતાજીની ભક્તિ!



શ્રી નવદુર્ગા ગરબા યુવક મંડળ, ન્યુ સમા રોડ

## ‘આપણી દીકરી, આપણે આંગણે સુરક્ષિત’ના સંદેશ સાથે નિઃશુલ્ક ગરબાનું આયોજન

વડોદરાના ન્યૂ સમા રોડ ખાતે શ્રી નવદુર્ગા ગરબા યુવક મંડળ દ્વારા ‘આપણી દીકરી, આપણે આંગણે સુરક્ષિત’ના સંદેશને સાકાર કરવા ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબાના તાલે ઝૂમીને નવરાત્રિની ભક્તિ અને આનંદનો લહાવો માણી રહ્યા છે. આયોજક સંજય આર. ગજ્જરે જણાવ્યું હતું કે, ગરબા મહોત્સવ સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. ખેલૈયાઓને કોઈ અગવડ ન પડે તે માટે પીવાના પાણી સહિતની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મહોત્સવમાં સુરક્ષા અને સુવિધાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.



શ્રી નવશક્તિ, સમા











વડોદરા વાયબ્રન્ટ નવરાત્રિ, સનફાર્મા રોડ

## ડિજિટલ માધ્યમથી તહેવારોની ઉજવણી

ધરમપાલ સત્યપાલ ગ્રુપે નવરાત્રી, દુર્ગા પૂજા અને દશેરાને આવરી લેતું ‘Pulse Ka Pandal 2026’ ડિજિટલ અભિયાન રજૂ કર્યું છે. ‘Pulse of India’ની વિચારધારા સાથે શરૂ કરાયેલી આ પહેલનો હેતુ ભારતની સાંસ્કૃતિક પરંપરાઓને નવી પેઢી સાથે આધુનિક માધ્યમો દ્વારા જોડવાનો છે. 11થી 20 ઓક્ટોબર દરમિયાન ચાલનારા આ અભિયાનમાં ત્રણ તહેવારો માટે અલગ-અલગ ઇન્ટરેક્ટિવ અનુભવો તૈયાર કરવામાં આવ્યા છે. નવરાત્રીના ‘Pulse of Tradition’ વિભાગમાં લોકો ડિજિટલ પાત્રોને પરંપરાગત વસ્ત્રો, એસેસરીઝ અને ડાંડિયાથી સજાવી શકશે. દુર્ગા પૂજાના ‘Pulse of Shakti’ વિભાગમાં પોતાની પસંદગી પ્રમાણે વર્ચ્યુઅલ પંડાલ તૈયાર કરીને તેને સજાવવાની તક મળશે. દશેરાના ‘Pulse of Victory’ વિભાગમાં ભાગ લેનારાઓ વર્ચ્યુઅલ રાવણને નિશાન બનાવી પોતાની નકારાત્મક આદતો છોડવાનો સંકલ્પ લઈ શકશે. આ અનુભવ અનિષ્ટ પર સદ્ગુણના વિજયના સંદેશ સાથે જોડાયેલો છે. આ સમગ્ર પહેલ માટે મોબાઇલ આધારિત ઇન્ટરેક્ટિવ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. ગેમિફિકેશન અને વ્યક્તિગત પસંદગી આધારિત પ્રવૃત્તિઓ દ્વારા તહેવારોમાં સહભાગિતા વધારવાનો પ્રયાસ કરાયો છે. પસંદગીના ભાગ લેનારાઓને પુરસ્કાર પણ આપવામાં આવશે.

## ‘જય શ્રી અંબે’ ગરબા મંડળમાં ફેન્સી ડ્રેસ થીમે જમાવ્યો રંગ



નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે વડોદરા શહેરના ગરબા આયોજનોમાં રોજ નવા રંગ જોવા મળી રહ્યા છે. શહેરના જાણીતા જય શ્રી અંબે નવરાત્રી રાસ ગરબા મંડળ, દયાળભાઉનો ખાંચો, રાજમહેલ રોડ ખાતે પાંચમા નોરતે વિશેષ આકર્ષણ સમાન ‘ફેન્સી ડ્રેસ થીમ ગરબા’ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ રાત્રીએ ગરબા રસિકોએ વિવિધ પૌરાણિક, સામાજિક અને આધુનિક પાત્રોની રંગબેરંગી વેશભૂષા ધારણ કરી ગ્રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. પરંપરાગત ચણિયાચોળી અને કેડિયાની સાથે વિવિધ પાત્રોના ગેટઅપમાં સજ્જ થઈને આવેલા ખેલૈયાઓએ ઉપસ્થિત સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું. એક જ મંચ પર ભક્તિ, કલા અને આનંદનો અનોખો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. આ સાંજના મુખ્ય આકર્ષણ જાણીતા ગાયક કલાકાર નીતિન પટેલ અને નિધિ પટેલ રહ્યા હતા. તેમની ઓજસ્વી અને મધુર વાણીમાં ગવાયેલી પરંપરાગત ગરબીઓ અને માતાજીના સ્તુતિગાન પર ખેલૈયાઓ મોડી રાત સુધી મન મૂકીને ઝૂમ્યા હતા. ઢોલ-નગારાના તાલે રાસના સ્ટેપ્સ સાથે ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. આ સમગ્ર આયોજન દરમિયાન મેયર ગીતાબેન મકવાણા, ડેપ્યુટી મેયર આદિત્યભાઈ પટેલ સાથે સ્થાનિક કોર્પોરેટર પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## શ્રી સિદ્ધેશ્વરી માતાજીના મંદિરે આઠમે હવનનું આયોજન

સમગ્ર દશા દિશાવાળ વણિક જ્ઞાતિનાં કુળદેવી શ્રી સિદ્ધેશ્વરી માતાજીના મંદિરે શારદીય નવરાત્રિની આઠમના પાવન અવસરે હવનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ તા. 18 ઓક્ટોબર, 2026, રવિવારના રોજ નરસિંહજીની પોળ ખાતે આવેલા માતાજીના મંદિરે યોજાશે. નવરાત્રિ દરમિયાન માતાજીની આરાધના અને ભક્તિનું વિશેષ મહત્ત્વ હોય છે. આઠમના પવિત્ર દિવસે યોજાનારા હવનમાં શ્રદ્ધાળુઓ માતાજીના આશીર્વાદ મેળવવા માટે ઉપસ્થિત રહેશે. ધાર્મિક વિધિ અંતર્ગત શ્રીફળ હોમવાનો કાર્યક્રમ તથા માતાજીની આરતી સાંજે 6 વાગ્યે રાખવામાં આવી છે. આ પ્રસંગે સમગ્ર દશા દિશાવાળ વણિક જ્ઞાતિના ભક્તજનોને માતાજીના દર્શન, હવન અને આરતીમાં સહભાગી બની ધન્યતા અનુભવવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મંદિર ખાતે યોજાનારા આ ધાર્મિક કાર્યક્રમથી ભક્તિભાવ અને સામૂહિક શ્રદ્ધાનો માહોલ સર્જાશે.

